# દિલધડક એર શૉ ને નગરજનોએ મન ભરીને માણ્યો

## યુદ્ધ વિમાન સુખોઈ અને હોક એરક્રાફ્ટ દ્વારા એરફોર્સની ટીમોએ આકાશમાં વિવિધ કરતબો કરીને નગરજનોને મંત્રમુગ્ધ કરી દીધા

ગાંધીનગર, તા. ૯

વાઈબ્રન્ટ સમિટના ઉદ્દ્ઘાટન પ્રસંગે ઈન્ડીયન એરફોર્સ દ્વારા એર શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું. ગઈકાલે એરફોર્સની ટીમોએ સેન્ટ્રલ વિસ્ટા ઉપર રીહર્સલ કર્યું હતું. આજે



એર શૉ મુખ્યમંત્રીની હાજરીમાં કરવામાં આવ્યો હતો અને વાઈબ્રન્ટ સમિટનું ઉદ્દ્ઘાટન થયું હતું.

યુદ્ધ વિમાન સુખોઈ અને હોક એરક્રાફ્ટ દ્વારા એરફોર્સની ટીમોએ આકાશમાં વિવિધ કરતબો કરીને દિલધડક એર શૉ રજુ કર્યો હતો. આ એર શૉ ને નગરજનો તથા શહેરના મહેમાનોએ મન ભરીને માણ્યો હતો. જો કે આજનો એર શૉ કરતા ગઈકાલનું રીહર્સલ વધુ સારૂ હતુ તેવું આજના એર શૉને માણનાર નગરજનોનું કહેવું હતુ.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને સ્વાકના વડા એવીએસ વીએમ એડીસી એરમાર્શલ આર.એચ. ધીરની ઉપસ્થિતિમાં ભારતીય વાયુસેનાના આધુનિક અને શક્તિશાળી યુદ્ધ વિમાન સુખોઈ અને ચાર હોક એરક્રાફઅટ દ્વારા ગાંધીનગરના આકાશમાં સૂર્યકિરણ એર શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એર શૉ માં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, કેન્દ્રીય રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયા, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખિરીયા, નાગરિક ઉડ્ડયન રાજયમંત્રી જશાભાઈ બારડ અને રાજય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.



કમાન્ડન્ટ અંતિલે સુખોઈ યુદ્ધ વિમાન દ્વારા ૩૦,૦૦૦ ફૂટની ઊંચાઈએથી એડવાન્સ એરોબેરિક કરતબો જેવા કે લુપ-ટ્રમ્બલ યો, ટેલ સ્લાઈડ, દિલધડક રીતે રજુ કરાયા હતા. ૪ હોક એરક્રાફ્ટ દ્વારા કમાન્ડિંગ ઓફિસર કુલકર્ણીના નેતૃત્વમાં વાય અને આઇ આલ્ફાબેટના ફોર્મેટમાં આકાશમાં



વિવિધ પ્રયોગો રજૂ કર્યા હતા. વાયુદળના એમ.આઈ.-૧૭ હેલીકોપ્ટરમાંથી ૧૭ જવાનોની આકાશગંગા ટીમે ૩૦,૦૦૦ ફૂટની ઊંચાઈએથી પેરાશુટ દ્વારા ત્રિરંગા અને વાયુસેના ધ્વજ સાથે તબક્કાવાર સ્વર્ણિમ પાર્ક ખાતે ઉતરાણ કરીને ઉપસ્થિત હજારો નગરજનોના અભિવાદન ઝીલીનો સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બનાવ્યુંહતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સુખોઈ યુદ્ધ વિમાને રાજસ્થાનના જોધપુર એરબેઝથી તેમજ ૪ હોક એરક્રાફટે વડોદરા એરબેઝ ખાતેથી ટેક ઓફ કરીનો ગાંધીનગરના આકાશમાં દિલધડક કરતબો રજૂ કર્યા હતા.

આ સમગ્ર સૂર્યકિરણ એર શૉ નેસફળ બનાવવા સ્વાકના ૩૦૦થી ૪૦૦ અધિકારી, જવાનોએ પોતાનું યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહ, ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, સ્વાકના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગાંધીનગરના નગરજનો અને શાળાના બાળકોએ ઉપસ્થિત રહીને વાયુદળના જવાનોનો જુસ્સો વધાર્યો હતો.

### એક પેરાગ્લાઈડર જવાન ઉતરાણ વખતે જમીન પર પટકાતા ઘાયલ

રાજ્યના મુખ્યમંત્રી સહિત અનેક મહાનુભાવોની હાજરીમાં પાટનગરના સેન્ટ્રલ વિસ્ટા ઉપર આકાશમાં એર શૉ યોજાયો હતો. આ એર શૉ માં આકાશગંગાની ટીમના પેરાગ્લાઈડર જવાનોએ ત્રીસ હજાર ફૂટની ઊંચાઈએથી એડવાન્સ એરોબોરીક કરતબો કર્યો હતો. રાષ્ટ્ર્ધ્વજના



ત્રણ રંગોના પેરાશુટ સાથે નીચે ઉતરેલા ત્રણ પેરાગ્લાઈડર પૈકી ગ્રીન પેરાશુટરથી ઉતરેલા પેરાટુપર જવાન ઉતરાણ વખતે જમીન પર પટકાતા ઈજાગ્રસ્ત થયો હતો. એરફોર્સની મેડીકલ ટીમે તાત્કાલિક સારવાર આપી હતી. સદ્દ્ભાગ્યે આ જવાનને કોઈ ગંભીર ઈજા ન હોવાનું જાણવા મળ્યું છે.

# વાઈબ્રન્ટ સમિટને તાયફો ગણાવી તેના વિરોધમાં રેલી

## કોર્પોરેટ પ્રેમી મોદી ગો બેકના નારા સાથે તાયફાનો વિરોધ : ગુજરાત ખેડૂત સમાજ, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ, પાટીદાર અનામત આંદોલન સમિતિ મેદાને

ગાંધીનગર, તા. ૯

રોજગારને નામે બેરોજગારી વધારતા વાઈબ્રન્ટના તાયફા ગણાવી દલિત અધિકાર મંચના આગેવાન જીગ્નેશ મેવાણી આજે અડાલજથી મહાત્મા મંદિર સુધી સાથી કાર્યકરો સાથે રેલી નિકાળશે અને વાઈબ્રન્ટ સમિટનો ઉગ્ર વિરોધ કરશે.

ગુજરાતનો ૮મો વાઈબ્રન્ટ તાયફો યોજાઈ રહ્યો છે. આ વાઈબ્રન્ટના તાયફામાં સામેલ થતા ઉદ્યોગો અને ઉદ્યોગપતિઓએ અત્યાર સુધીમાં ગુજરાતના ખેડૂતોની જમીન-પાણી-વીજળી



લઈ લીધી છે. ગૌચર અને પડતર જમીનો ઉદ્યોગોને પધરાવતા જમીન વિહોણા લોકો અને માલધારીઓની હાલત ખરાબ થઈ ગઈ છે. ત્યારે ગુજરાત ખેડૂત સમાજ, રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ, પાટીદાર અનામત આંદોલન સમિતિ મેદાને પડી છે અને રોજગારના મામલે સરકારને ઘેરાવાનો પ્રયાસ કરી રહી છે. વાઈબ્રન્ટ સમિટિમાં કોર્પોરેટ પ્રેમી મોદી ગો બેકના નારા સાથે આજે બપોરે ૧૨ કલાકે અડાલજ નજીકની મહારાજા હોટલ પાસેથી રેલી નીકળી મહાત્મા મંદિર તરફ પહોંચશે તેવી જાહેરાત કન્વીનર જીજ્ઞેશ મેવાણી, મહામંત્રી સાગર રબારી તથા પાસના પ્રવક્તા વરૂણ પટેલ અને અતુલ પટેલે કરી હતી.

# કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોને પોલીસે નજર કેદ રાખ્યા

જિલ્લા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન અંગેના તબક્કાવાર સફળ કાર્યક્રમો અપાઈ રહ્યાં છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટ શરૂ થતાની સાથે જ પોલીસે કોંગ્રેસના આગેવાનો પર નજર રાખવાનુ શરૂ કરી દીધુ હતુ. વડાપ્રધાનનું આગમન ગાંધીનગરમાં થાય તે પહેલાનો પોલીસ જિલ્લા કોંગ્રેસના કાર્યાલય સે. ૨૨ ખાતે પહોંચી ગઈ હતી. વાઈબ્રન્ટ સમિટિનો વિરોધ શરૂ કરી ના દેવાય તેને ધ્યાને રાખીને બપોરથી કાર્યાલયની બહાર પોલીસ ગોઠવાઈ ગઈ અને જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનો-કાર્યકરોને નજરકેદ કરી દેવામાં આવ્યા હતા. પોલીસે કોંગ્રેસના કાર્યાલયમાં જ આગેવાનો-કાર્યકરોને નજરકેદ કરી દેતા કોઈ મોડી સાંજે સાડા છ વાગ્યા સુધી બહાર નીકળી શક્યુ ન હતુ.




ભારતનો આર્થિક એક્સપ્રેસ-વે

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭

પર પહોંચવા દર્શાવેલ રૂટ મેપને અનુસરવા વિનંતી

જાન્યુઆરી ૧૦-૧૩, ૨૦૧૭

GOVERNMENT OF GUJARAT

Vibrant GUJARAT 2017 10-13 Jan

Connecting India to the World | 8th Global Summit




મહાત્મા મંદિર માટે રૂટ મેપ

સલામતીના કારણોસર આ સૂચનાઓનું પાલન કરશો.

- ઉદ્દ્ઘાટન સમારંભ શરૂ થાય તેની ૬૦ મિનિટ અગાઉ તમે તમારું સ્થાન ગ્રહણ કરી લેશો.
- તમને આપવામાં આવેલો તમારા નામનો બેજ પહેરી રાખવા વિનંતી.
- લાઈટર, માચીસ જેવી આગજન્ય વસ્તુ, તીક્ષ્ણ ધારવાળી વસ્તુઓ, હથિયારો, ફાયર આર્મ્સ, કેમરા અને રિમોટ વડે ચલાવી શકાય તેવાં સાધનો લાવવાની મનાઈ છે.
- આમંત્રણ પત્રિકા સાથે આપવામાં આવેલો કાર પાસ તમારી કારના વિન્ડસ્કીનની અંદરની બાજુ ડાબી બાજુના ખૂણે લગાવવો ફરજિયાત છે.
- આમંત્રણ પત્રિકામાં દર્શાવિલ પોઈન્ટ્સ પરથી જ એન્ટ્રી અને એક્ઝિટ કલર કોડ અનુસાર આપવામાં આવશે
- આમંત્રણ પત્રિકામાં દર્શાવિલ કલર કોડની માર્ગદર્શક સૂચનાઓને અનુસરવા વિનંતી.

તમારું ફોટો-આઈડી કાર્ડ તમારી સાથે રાખવું આવશ્યક છે.

- ઓર્ગેનાઈઝર્સ/ગર્વમેન્ટ ઑફ ગુજરાતના અધિકારીઓ (ગોલ્ડ પાસ વગરના) રોડ નં. 5 નો ઉપયોગ કરી શકશે અને 2C પર વાહનો પાર્ક કરી શકશે.
- ગર્વમેન્ટ ઑફ ગુજરાતના અધિકારીઓ 2B અને 2C પર પણ પાર્ક કરી શકશે.

| પાસ હોલ્ડર્સ | પાર્કિંગ |
|---|---|
| ગોલ્ડ પાસ માટે પ્રવેશ અને અવરજવર | 1A \| 1B \| 1C \| 1E \| 1E1 \| 1F મહાત્મા મંદિર |
| 2A ઓર્ગેનાઈઝર્સ અને સિલ્વર પાસ માટે પ્રવેશ અને અવરજવર | 2A સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, સેક્ટર-૧૬ |
| 2B GOG અધિકારીઓ અને બસ પાર્કિંગ માટે પ્રવેશ અને અવરજવર | 2B IITE |
| 2C ઓર્ગેનાઈઝર્સ અને એજન્સી માટે પ્રવેશ અને અવરજવર | 2C સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ |
| રેડ પાસ માટે પ્રવેશ અને અવરજવર | 3A \| 3B હોટેલ ફોર્ચ્યુન હવેલી |
| બ્લુ પાસ માટે પ્રવેશ અને અવરજવર | 4A \| 4B હોટેલ ફોર્ચ્યુન હવેલી |
| ગ્રીન પાસ માટે પ્રવેશ અને અવરજવર | 5A \| 5B \| 5C અખબાર ભવનની સામે |
| સ્ટાફ માટે પ્રવેશ અને અવરજવર | એજન્સી અને પોલીસ પાર્કિંગ |
| પોલીસ માટે પ્રવેશ અને અવરજવર | પોલીસ પાર્કિંગ |

વધુ માહિતી અને ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે www.vibrantgujarat.com પર લોગ ઓન કરો.